# Ha Hare Ghaduliyo - Gujarati Garba Lyrics

હા હા રે ઘડુલીયો

હા હા રે ઘડુલીયો ચઢાવ રે ગરિધારી…
ઘરે વાટ્યું જુએ છે માં મોરી રે, બેડલું ચઢાવ રે ગરિધારી…

તારા માથાનો અંબોડો રે ગરિધારી…
જાણે છૂટ્યો તેજીનો ઘોડો રે, બેડલું ચઢાવ રે ગરિધારી…

તારી આંખોનો ઉલાળો રે ગરિધારી…
જાણે દરયિાનો હલિોળો રે, બેડલું ચઢાવ રે ગરિધારી…

તારી નાકડયિાની દાંડી રે ગરિધારી…
જાણે દીવડીએ શગ માંડી રે, બેડલું ચઢાવ રે ગરિધારી…

તારા હાથની કલાયું રે ગરિધારી…
જાણે સોનાની શરણાયું રે, બેડલું ચઢાવ રે ગરિધારી…

તારા હાથની હથેળી રે ગરિધારી…
જાણે બાવળ પરની થાળી રે, બેડલું ચઢાવ રે ગરિધારી…

તારા હાથ ની આંગળીયું રે ગરિધારી…
જાણે ચોળા-મગની ફળયિું રે, બેડલું ચઢાવ રે ગરિધારી…

તારા પેટડીયાનો ફંદો રે ગરિધારી…
જાણે પૂનમ કેરો ચાંદો રે, બેડલું ચઢાવ રે ગરિધારી…

તારા વાંસાનો વળાંકો રે ગરિધારી…
જાણે સરપનો સબાકો રે, બેડલું ચઢાવ રે ગરિધારી…

gujaratilyrics.com